અપીલ અરજી નં.૭૦૩ તા.૨૦–૩–૧૨
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી જીગ્નેશ મનસુખભાઈ ગોળકીયા
સામાવાળા :– એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–કતારગામઝોન

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી જીગ્નેશ મનસુખભાઈ ગોળકીયાની તા. ૦૭–૦૨–૧૨ની અરજીથી જગ્યાનું સરનામુ : ભાલચંદ સોસાયટી, નીલકંઠ કન્યા વિદ્યાલય, કતારગામ સીંગણપોર રોડ, સુરત મુદ્દા નં. (૧) શાળાને કેટલા માળની પરવાનગી આપવામાં આવેલ છે ? તેની વિગત જણાવો (૨) શાળા કેટલા પ્લોટો ઉપર આવેલ છે ? તેની વિગત જણાવો (૩) શાળાને કેટલી એફ.એસ.આઈ. મળેલ છે તે જણાવો વિ. મુદ્દા નં. (૧) થી (૮)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૦–૩–૧૨ ની **SMC/FAP/** નં.૭૦૩/૨૦૧૧–૧૨

શ્રી જીગ્નેશ મનસુખભાઈ ગોળકીયાની તા. ૦૭–૦૨–૧૨ની અરજીથી જગ્યાનું સરનામુ : ભાલચંદ સોસાયટી, નીલકંઠ કન્યા વિદ્યાલય, કતારગામ સીંગણપોર રોડ, સુરત. મુદ્દા નં. (૧) શાળાને કેટલા માળની પરવાનગી આપવામાં આવેલ છે ? તેની વિગત જણાવો (૨) શાળા કેટલા પ્લોટો ઉપર આવેલ છે ? તેની વિગત જણાવો (૩) શાળાને કેટલી એફ.એસ.આઈ. મળેલ છે તે જણાવો વિ. મુદ્દા નં. (૧) થી (૮)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૦–૩–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા** વધુમાં પક્ષકાર જાહેર માહિતી અધિકારી નવા હુકમ મુજબ હોય તો તે પણ જણાવવા તથા તેમ હોય તો તે મુજબના અપીલ અધિકારી કક્ષાએથી કાર્યવાહી કરાવવા પત્ર નં. આરટીઆઈ સેલ/૨૧૧૩ તા. ૨૯–૩–૧૨ થી તત્કાલીન જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તથા અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળે તો તે બાદ નારાજગી અંગે આધાર સહ તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં. નોર્થઝોન/આઉટ/નં.૧૭૫૮ તા. ૧૬–૬–૧૨થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મૂળ અરજીની નકલ, જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં. નોર્થઝોન/આઉટ/નં.૨૦૧ તા.૧૧–૫–૧૨ થી અરજદારને આપેલ માહિતીના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા. ૦૭–૦૨–૧૨ની અરજીથી જગ્યાનું સરનામુ : ભાલચંદ સોસાયટી, નીલકંઠ કન્યા વિદ્યાલય, કતારગામ સીંગણપોર રોડ, સુરત બાબતે મુદ્દા નં. (૧) થી (૮)ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી કતારગામઝોન ખાતે કરવામાં આવેલ. જેમાં અરજીના મુદ્દા નં. (૧) શાળાને કેટલા માળની પરવાનગી આપવામાં આવેલ છે ? તેની વિગત જણાવો (૨) શાળા કેટલા પ્લોટો ઉપર આવેલ છે ? તેની વિગત જણાવો (૩) શાળાને કેટલી એફ.એસ.આઈ. મળેલ છે તે જણાવો. મુદ્દા નં. ૧ થી ૩ના પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં. નોર્થઝોન/આઉટ નં./૨૦૧ તા. ૧૧–૫–૧૨ નિયત સમય અવધિ બાદ " કતારગામઝોન ખાતેથી શાળાના બાંધકામને કોઈ પરવાનગી આપવામાં આવેલ ન હોય બાંધકામને સંલગ્ન કોઈ માહિતી આપવાની થતી નથી." તેવું જણાવેલ.

(૪) શાળાએ મ્યુનીસીપલ કાયદા મુજબ ગેરકાયદેસર બાંધકામ કરેલ હોય તો તેની સામે કઈ કોર્ટમાં દાવો દાખલ કરવાનો તેની માહિતી આપો ? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નિયત સમય અવધિ બાદ" જે અંગે મ્યુ. કોર્ટમાં દાવો દાખલ કરી શકાય છે. " તેવું જણાવેલ.

(૫) શાળાને કયા વર્ષમાં અને કેટલી વખત ગેરકાયદેસર બાંધકામના કારણે ડીમોલેશન કરવામાં આવેલ છે તેની માહિતી આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નિયત સમય અવધિ બાદ" શાળાના બાંધકામમાં આજદિન સુધી

ત્રણ વાર ડીમોલેશન સંબંધી કાર્યવાહી(તા. ૪–૫–૧૦, તા. ૩–૭–૧૦ તથા તા. ૧૯–૧–૧૨) કરવામાં આવેલ છે." તેવું જણાવેલ.
(૬) હાલમાં શાળાનું ડીમોલેશન કરેલ તો ડીમોલેશન પેટે કેટલી રકમ વસુલ કરી તેની માહિતી આપો તથા ડીમોલેશન ચાર્જની રસીદ આપો તથા ફોટોગ્રાફીની કોપી આપો તથા ડીમોલેશન દરમ્યાન કયા અધિકારીઓની હાજરીમાં ડીમોલેશન કરેલ તે અધિકારીઓના નામ હોદ્દાની માહિતી આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નિયત સમય અવધિ બાદ " ડીમોલેશન પેટે રૂા. ૨૬,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ડીમોલેશન દરમ્યાન સમયાંતરે હાજર રહેલા અધિકારીઓશ્રી હેમંત કંસારા (ડે.ઈજનેર), ડી.ડી. ક્રિશ્ચયન (ડે.ઈજનેર), સંજય આર.પટેલ(જુની. ઈજનેર) તથા વલ્લભભાઈ કણસાગરા(જુની.ઈજનેર) હાજર રહેલ હતા." તેવું જણાવેલ.
(૭) ડીમોલેશન દરમ્યાન આજુબાજુના પંચોની સહી લીધેલ હોય તો તેના પંચકયાસની નકલ આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નિયત સમય અવધિ બાદ " પંચકયાસ કરવામાં આવેલ નથી." તેવું જણાવેલ.
(૮) હાલમાં સ્કુલનું બાંધકામ યુદ્ધ ધોરણે ચાલી રહેલ છે તો તે બાંધકામની પરવાનગી આપવામાં આવેલ તેની માહિતી આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નિયત સમય અવધિ બાદ" કતારગામઝોન ખાતેથી શાળાના બાંધાકમને કોઈ પરવાનગી આપવામાં આવેલ ન હોય બાંધકામને સંલગ્ન કોઈ માહિતી આપવાની થતી નથી." તેવું જણાવેલ. આમ અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં. ૧થી ૮ની માહિતી પુરી પાડવામાં આવેલ. વધુમાં અરજદારે નિયત સમય અવધિમાં પ્રતિભાવ ન મળતાં તા. ૨૦–૩–૧૨ના રોજ અપીલ અરજી કરેલ. અપીલ અરજી સંદર્ભે અત્રેથી બન્ને પક્ષકારો પાસેથી પૂરક વિગતો માંગવામાં આવેલ. જે પૈકી અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળે તો તે બાદ નારાજગી અંગે આધાર સહ તેમનો પક્ષ રજૂ કરવા જણાવવામાં આવેલ. પરંતુ અરજદાર તરફથી અપીલ તબક્કે પૂરક વિગતો મળેલ નથી તથા તેમ કરવામાં સફળ રહેલ નથી.

અરજદારની પ્રથમ અપીલ તા.૨૦–૩–૧૨ ધ્યાને લેતાં ૧૮–૪–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૩–૫–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૦૭–૨–૧૨ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પુરી પડાયેલી હોઈ, અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૨

(૧) પ્રતિ, એડી. સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–કતારગામઝોન...... જાણ તથા અમલ માટે
(૨) શ્રી જીગ્નેશ મનસુખભાઈ ગોળકીયા,